આપ વાંચી રહ્યા છો દેશનું સૌથી વિશ્વસનીય અને સૌથી ઝડપી વિકસતું અખબાર

# દિવ્ય ભાસ્કર

કુલ પાનાં 16 + 8 (બાળ ભાસ્કર) = 24 ગુજરાત કિંમત ₹ 4.00

divyabhaskar.com | ભુજ, શનિવાર, 20 મે, 2017 | વૈશાખ વદ-9, વિક્રમ સંવત 2073 | 14 રાજ્ય | 68 સંસ્કરણ


# PG મેડિકલમાં ઈન-સર્વિસ ઉમેદવારોને 50% અનામત આપવા ગુજરાતને સુપ્રીમનો આદેશ

## શનિવારથી શરૂ થતા કાઉન્સેલિંગમાં અનામતનો લાભ મળવાની શરૂઆત થશે

એજન્સી | નવી દિલ્હી

પોસ્ટ-ગ્રેજ્યુએટ મેડિકલ ડિપ્લોમા કોર્સીસમાં ઈન-સર્વિસ ઉમેદવારોને મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમ મુજબ 50 ટકા અનામત આપવા માટે ગુજરાત સરકારને શુક્રવારે સુપ્રીમકોર્ટે આદેશ કર્યો. પીજી કોર્સીસમાં એડમિશન માટે શનિવારથી શરૂ થતા કાઉન્સેલિંગના બીજા રાઉન્ડમાં આ ઉમેદવારોને અનામત આપવા કોર્ટે રાજ્ય સરકારને આદેશ કર્યો છે. જસ્ટિસ દીપક મિશ્રા અને જસ્ટિસ એ. એમ. ખાનવિલકરની બેન્ચે ઈન-સર્વિસ મેડિકલ ઓફિસર્સ જ્યાં કામ કરશે તે અંતરિયાળ ગ્રામીણ કે દુર્ગમ વિસ્તારોની વ્યાખ્યા કરવાનો પણ રાજ્ય સરકારને આદેશ કર્યો છે.

નોંધનીય છે કે ગત 5 મેના રોજ ગુજરાત હાઈકોર્ટે ઈન-સર્વિસ મેડિકલ અરજદારોની અરજી એ આધારે ફગાવી હતી કે રાજ્ય સરકારે મેડિકલ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના નિયમોનું, ખાસ કરીને પોસ્ટ ગ્રેજ્યુએટ મેડિકલ એજ્યુકેશન રેગ્યુલેશન્સ, 2000નું પાલન કરવું ફરજિયાત નથી.

ઈન-સર્વિસ મેડિકલ ઓફિસર્સે પીજી મેડિકલ ડિપ્લોમા કોર્સીસમાં એડમિશન માટે ઈન-સર્વિસ ઉમેદવારોને માત્ર 25 ટકા અનામત આપવાના રાજ્ય સરકારના આદેશને પડકાર્યો છે. જીએમએસ ક્લાસ-2 મેડિકલ ઓફિસર્સ એસોસિયેશન દ્વારા એડવોકેટ અંકિત શાહ મારફત સુપ્રીમકોર્ટમાં કરાયેલી અરજીમાં જણાવાયું હતું કે ગુજરાત સરકારે 21 એપ્રિલે બહાર પાડેલા જાહેરનામામાં ઈન-સર્વિસ ઉમેદવારોને ફાળવાયેલી બેઠકો માત્ર ડિપ્લોમા કોર્સીસ પૂરતી મર્યાદિત હતી.

તેમાં ચાલુ શૈક્ષણિક વર્ષ માટે ડિગ્રી કોર્સીસ કોઈ વાજબી કારણ આપ્યા વિના બાકાત રાખવામાં આવ્યા હતા. અરજદારોનું કહેવું હતું કે આ મામલો ખૂબ જાહેર મહત્વ ધરાવતા પ્રશ્ન સાથે સંકળાયેલો છે અને તેના ચુકાદાની ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં કામ કરતા સંખ્યાબંધ ઈન-સર્વિસ મેડિકલ ઓફિસર્સ પર અસર થશે.

### અંતરિયાળ વિસ્તારોમાં કામ કરતા 2400 ડૉક્ટરોને લાભ

અંતરિયાળ ગ્રામીણ અને દુર્ગમ વિસ્તારોમાં સરકારી હોસ્પિટલોમાં કે જાહેર સત્તામંડળોમાં કામ કરનારા ઈન-સર્વિસ મેડિકલ ઓફિસર્સ કહેવાય છે. સુપ્રીમના આદેશનો સીધો લાભ 2400 જેટલા ડૉક્ટરોને મળશે.


વાંચો રમત પાને

નાદાલના અભિયાનનો અંત : જોકોવિચની આગેકૂચ


# કેજરી પર બનેલી ફિલ્મ માટે સેન્સર બોર્ડે મોદી-શીલાનું NOC માગ્યું

## સેન્સર બોર્ડની રિવાઈઝિંગ સમિતિએ ડોક્યુમેન્ટ્રીને 7 કટ સાથે મંજૂરી આપી

દુષ્યંત મિશ્ર | મુંબઇ

દિલ્હીના સીએમ અને આમ આદમી પાર્ટી (આપ)ના નેતા અરવિંદ કેજરીવાલ પર બનેલી ડોક્યુમેન્ટ્રી ફિલ્મને સેન્સર બોર્ડનું ગ્રીન સિગ્નલ મળી ગયું છે પરંતુ સેન્સર સર્ટિફિકેટ માટે ફિલ્મ નિર્માતાને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે-સાથે દિલ્હીનાં ભૂતપૂર્વ મુખ્યપ્રધાન શીલા દીક્ષિત પાસે નો-ઓબ્જેક્શન સર્ટિફિકેટ (એનઓસી) લેવું પડશે.

ભ્રષ્ટાચાર સામેના આંદોલન પછી ઊભી થયેલી પાર્ટી અને કેજરીવાલ પર બનેલી આ ડોક્યુમેન્ટ્રી ફિલ્મને સેન્સર બોર્ડની રિવાઈઝિંગ સમિતિએ 7 કટ સાથે મંજૂરી આપી છે. રાષ્ટ્રીય પુરસ્કાર વિજેત ફિલ્મનિર્માતા આનંદ ગાંધીએ 2011ના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન અને આમ આદમી પાર્ટીની રચના પર આ ડોક્યુમેન્ટ્રી ફિલ્મ બનાવી છે. તેનું નામ 'એન ઈનસિગ્નિફિકેન્ટ મેન' (એક મામૂલી માણસ) રાખવામાં આવ્યું છે.

ફિલ્મ મુખ્ય રીતે અરવિંદ કેજરીવાલને કેન્દ્રમાં રાખીને બનાવાઈ છે. તેમાં ઘણી જગ્યાએ ભાજપ-કોંગ્રેસ પાર્ટી વિરોધી નિવેદનો પણ સામેલ કરાયાં હતાં, આથી શરૂઆતમાં સેન્સર બોર્ડની એક્ઝામિનિંગ સમિતિએ તેને પાસ કરવાનો ઈનકાર કરી દીધો હતો. ત્યાર પછી ડોક્યુમેન્ટ્રી ફિલ્મ રિવાઈઝિંગ સમિતિ પાસે મોકલી દેવામાં આવી હતી. આ ફિલ્મ જોવા માટે રિવાઈઝિંગ સમિતિમાં સેન્સર બોર્ડના અધ્યક્ષ પહલાજ નિહલાની પણ ઉપસ્થિત હતા.

# આધાર અનિવાર્ય કરવાની તારીખ નહીં લંબાય : કેન્દ્ર

નવી દિલ્હી | કેન્દ્ર સરકારે સુપ્રીમકોર્ટને જણાવ્યું છે કે સરકારી યોજનાઓના લાભ માટે આધારકાર્ડને લિન્ક કરાવવું જ પડશે. તે માટે પહેલેથી નક્કી 30 જૂનની તારીખ લંબાવી શકાય તેમ નથી. હવે આ મામલે 27 જૂને વધુ સુનાવણી થશે.

એટર્ની જનરલ મુકુલ રોહતગીએ કહ્યું કે આધારકાર્ડ એટલા માટે જરૂરી બનાવાઈ રહ્યું છે કે લોકોને જાહેર વિતરણ વ્યવસ્થાનો સીધો લાભ મળે. આ મુદ્દે બંધારણીય બેન્ચ પહેલેથી સુનાવણી કરી રહી છે. તેથી 2 જજની બેન્ચે સુનાવણી ન કરવી જોઈએ. જોકે, કોર્ટે આ રજૂઆત ગ્રાહ્ય ન રાખી.








